## યોગ્ય વિષયની પસંદગી કરી શકે તે માટે

# આર્ટસના પહેલા વર્ષમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓનું કાઉન્સિલિંગ કરાશે

વડોદરા,ગુરૂવાર

એમ.એસ.યુનિવર્સિટીની ટેકનોલોજી ફેકલ્ટી દ્વારા વિદ્યારથીઓ માટે ઓપન હાઉસનુ આયોજન કરીને તેમને ફેકલ્ટીમાં ચાલતા વિવિધ કોર્સ અંગે જાણકારી અપાઈ હતી અને હવે આર્ટસ ફેકલ્ટી દ્વારા પણ વિદ્યાર્થીઓનુ કાઉન્સિલિંગ કરવાનુ નક્કી કરાયુ છે.

## વિદ્યાર્થીઓ જાણકારીના અભાવે અને દેખાદેખીમાં ખોટો વિષય પસંદ કરી લેતા હોવાના કારણે ફેકલ્ટીએ કાઉન્સિલિંગનો નિર્ણય લીધો

નવા શૈક્ષણિક વર્ષમાં એફવાયબીએમાં પ્રવેશ આપવા માટેની તૈયારીઓ ફેકલ્ટી શરુ કરવામાં આવી છે.ધો.૧૨ના સામાન્ય પ્રવાહનુ પરિણામ જાહેર થઈ ચુક્યુ છે.બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓને માર્કશીટ આપવામાં આવે તે પછી વિદ્યાર્થીઓ આર્ટસમાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

આર્ટસ ફેકલ્ટી સત્તાધીશોએ જોકે આ વખતે એફવાયમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ યોગ્ય વિષય પસંદગી કરી શકે તે માટે તેમનુ કાઉન્સિલિંગ કરવાનુ નક્કી કર્યુ છે.

ફેકલ્ટી ડીન પ્રો.આધ્યા સક્સેનાનુ કહેવુ છે કે, અત્યાર સુધી વિદ્યાર્થીઓ ઓનલાઈન વિષય પસંદગી કરી લેતા હતા.જેમાં ઘણા વિદ્યાર્થીઓ દેખાદેખીમાં અથવા તો વિચાર્યા વગર વિષય પસંદગી કરતા હોવાથી તેમને આગળ જતા તકલીફ પડતી હતી.આ બાબતને ધ્યાનમાં રાખીને આ વખતે અમે વિદ્યાર્થીઓ વિષય પસંદ કરે તે પહેલા કાઉન્સિલિંગ કરવાનુ નક્કી કર્યુ છે.

તેમના કહેવા અનુસાર વિદ્યાર્થીઓનુ ઓફલાઈન અને ઓનલાઈન કાઉન્સિલિંગ કરીને તેમને તેમના રસ, રુચિ અને કેરિયરને ધ્યાનમાં રાખીને કયા પ્રકારનો વિષય પસંદ કરવો જોઈએ તે સમજાવવામાં આવશે.કાઉન્સિલિંગના કાર્યક્રમની જાણકારી પ્રવેશ માટેના રજિસ્ટ્રેશન સાથે જ વિદ્યાર્થીઓને આપી દેવામાં આવશે.

એમ પણ હવે એફવાયમાં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓ માટે નવી શિક્ષણ નીતિ લાગુ થવાની છે અને એફવાયબીએના કોર્સમાં પણ ધરખમ ફેરફારો થવાના છે ત્યારે વિદ્યાર્થીઓને કાઉન્સિલિંગ કરીને જાણકારી આપવામાં આવે તે જરુરી છે.